# હેલ્પીંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

## મેડિકલ હોમ



*"The disease might hide the person underneath,*
*But there's still a person in there who needs your Love and Attention."*

**તત્વજ્ઞાન**

દરેક પથારીવશ અશકત વડીલોની સંવેદના સભર કાળજી, સર્વાંગી સહાય તથા સ્વાભીમાનતા સાથે જીવન જીવી શકે એવું વાતાવરણ પ્રદાન કરવું.

**દ્રષ્ટિકોણ**

વૃધ્ધ અને શારિરીક રીતે અસહાય વ્યકિતઓનાં જીવનમાં ફક્ત વર્ષો ઉમેરવાને બદલે તેમના વર્ષોમાં અર્થપૂર્ણ જીવન ઉમેરી એમને સકારાત્મક અને લાભદાયી જીવનનો એહસાસ કરાવવો.

**લક્ષ્ય**

પથારી વશ અશકત વડીલોની સંવેદના સભર કાળજી, સર્વાંગી સહાય તથા સ્વાભીમાન સાથે જીવન જીવી શકે એવુ વાતાવરણ પ્રદાન કરવું









## મેડીકલ હોમ

હેલ્પીંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પથારીવશ, અશકત વડીલજનોની સર્વાંગી કાળજી તથા સંભાળ માટેનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. જેનાં કેન્દ્રમાં મેડીકલ હોમનો ખ્યાલ સંસ્થાના સ્થાપક પ્રમુખ સર્જન ડો. પ્રફુલ મહેતાની પરિકલ્પના પર આધારિત છે. ડો. મહેતા દ્વારા વિકસીત આ મેડીકલ હોમ પ્રોગ્રામ એ એક એવી વિશ્વસનીય વ્યવસ્થા છે કે જયાં માનવીય સંવેદના સાથે મેડીકલ કેર, નર્સીંગ કેર, ફિઝીયોથેરાપી તથા અંગત કાળજીનો એક છત હેઠળ સમાવેશ થયેલ છે. આ અભિગમ થકી ગહન પ્રતિબધ્ધતા સાથેની કાળજી વયસ્ક વ્યકિતઓને આત્મનિર્ભર બનાવી સન્માનપૂર્વક પારિવારીક જીવનમાં પરત ફરવા પ્રોત્સાહિત કરે છે. અને એમના પડકારજનક સમયમાં ટેકારૂપ થઈ સન્માન અને ગૌરવપૂર્વક જીવન માણવામાં મદદરૂપ થાય છે.

જયારે કરૂણાસભર આરોગ્ય સંભાળ શ્રેષ્ઠતાને વરે છે. ત્યારે વયસ્ક વ્યક્તિઓનાં નિવૃત જીવન અને ઓર્થોપાર્જન ક્ષમતા ઘટવાના સમયમાં પડતી તકલીફોને ધ્યાનમાં લઈને વડીલોની આરોગ્યલક્ષી સુખાકારી માટે નિયમિતપણે દર મહિનાના પહેલા રિવવારે નિઃશુલ્ક મેડિક્લ ચેકઅપ કેમ્પનું આયોજન એ વડિલોની શ્રેષ્ઠ સંભાળ માટેની અમારી કટિબધ્ધતા દર્શાવે છ, ક્ડિની કેર એંગેની જરૂરિયાતને ધ્યાનમા રાખી ‘‘સર્વગાહી કિડીની કેરપ્રોજેક્ટ‘‘ નો પાયો નંખાયો જેના મૂળમાં વર્ષ-૨૦૧૫ થી કાર્યરત ડાયાલીસીસ સેન્ટરના સંચાલનમાં અનુભવેલ આપણા સમાજની ક્ડિની લક્ષી સમસ્યાઓ છે. જેનો મુખ્ય આશય સમાજમાં ક્ડિનીના રોગોઅંગે જાગૃતિ ફેલાવવાનો, વહેલી તપાસ દ્વારા શક્ય હોય તે રીતે સારવાર કે ઓપરેશન દ્વારા સંપૂર્ણ પણે ક્ડિની બગડતી અટકાવવાનો છે જેથી દર્દીને ડાયાલીસીસ કે ટ્રાન્સપ્લાન્ટ સુધી પહોંચતા અટકાવવાનો છે, સેવાઓનો વ્યાપ વધારતા ટ્રસ્ટ દ્વારા ગંભીર દર્દીઓનાં પરિવહન માટે ક્રિટિકલ કેર એમ્બ્યુલન્સની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી.સામાજીક અસ્મિતા અને આપણી સંસ્કૃતિ જાળવવાની પ્રાથમિક જવાબદારી ને અગ્રતા આપી ટ્રસ્ટ દ્વારા એક અનોખા વિચાર થકી ‘‘વરિષ્ઠ સાથી કાર્યક્રમ’’ ની શરૂઆત કરવામાં આવી જયાં વડીલો અને યુવાનો વચ્ચે એક સેતુ બનાવી વડીલોના અનુભવો અને જ્ઞાન સાથે વયસ્ક જીવનની સમસ્યાઓને નજીકથી નિહાળવાનો યુવાનોને મોકો મળે છે. જેથી તેઓ એમના ઘરે કે આજુબાજુ રહેતા વડીલજનોને એમનું સન્માન જાળવી મદદરૂપ થઈ શકે. યુવાનો એમની પ્રતિભા શકિત જેવી કે ગીત, વાંચન કે નૃત્ય અથવા વિવિધ રમતો થકી વડીલોને માનસિક રીતે ક્રિયાશીલ રાખી શકે છે. વડીલો અને યુવાનો અરસપરસનાં સંવાદ થકી એકબીજાની સુખાકારીમાં ઉમેરો કરી શકે છે. આ કાર્યક્રમ થકી કોલેજ કે સ્કૂલનાં યુવાનોને ટ્રસ્ટ દ્વારા સામાજિક સેવા અંગેનું પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવે છે.

ટ્રસ્ટનું પ્રતિક ‘‘તરંગોને મુશ્કેલીઓનાં સમુદ્ર તરીકે દર્શાવી મદદરૂપી હાથ આ પરિસ્થિતિને હળવી કરવાનો પ્રયાસ કરે છે. અને સૂર્યરૂપી પ્રકાશ એ પ્રેમ, કરૂણા અને સંભાળનું સિંચન કરે છે.

## અમારી સફર

### ૨૦૦૯

ડો. પ્રફુલ મહેતાના મનમાં ઉદ્‌વેલ વડીલોની વિશિષ્ટ સેવાના અનોખા વિચારબીજ થકી મેડીકલ હોમનો પ્રારંભ થયો. સ્વ. જયંતભાઈ ચાપાનેરીના સંપૂર્ણ સહયોગ થકી ટ્રસ્ટની રચના થતા આ સ્વપ્ન સાકાર થયું. ટ્રસ્ટનું નામકરણ પણ પ્રથમ અનૌપચારિક બેઠકમાં હાજર શ્રી શરદ દેસાઈ, ડો. પ્રતાપ ઠોસર, વિનય દેસાઈ, નિતિન દેસાઈ, કિશોર પંડ્યા દ્વારા સર્વાનુમતે હેલ્પીંગ હેન્ડ રાખવામાં આવ્યું. જેનો એક માત્ર ઉદ્દેશ્ય અન્યોને મદદરૂપ થવાનો છે.

### ૨૦૧૦

મેડીકલ હોમના પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂઆત ૧૮ પથારીની ક્ષમતા સાથે ભાડાની જગ્યામાં કરવામાં આવી. આ મેડીકલ હોમનું ઉદ્‌ઘાટન માનનીય શ્રી તુષાર અમરસિંહ ચૌધરી, મંત્રીશ્રી આદિજાતિ વિકાસ મંત્રાલય, ભારત સરકારના વરદ હસ્તે કરવામાં આવ્યું. અતિથિવિશેષ તરીકે માનનીય શ્રી સી. આર. પાટીલ, સાંસદશ્રી નવસારી ઉપસ્થિત રહયા. માનવ સેવાના આ યજ્ઞમાં અન્ય મહાનુભાવો શ્રીમતી દર્શનાબેન જરદોશ, શ્રી લાલુભાઈ પટેલ, શ્રી દોલતભાઈ દેસાઈ તથા પૂ. હરિપ્રસાદ સ્વામીજી ની વિશેષ ઉપસ્થિતિ રહી.


યોગદાન : કસ્તુરભાઈ લાલભાઈ મેમોરીયલ ટ્રસ્ટ અમદાવાદ શ્રીમતી વિમલાબેન લાલભાઈ અતુલ, ડો. સાવિત્રીબેન ચંપકલાલ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, પારડી.

### ૨૦૧૨

વરિષ્ઠ નાગરિકોની સુખાકારી જાળવવાનાં ભાગ રૂપે મહેતા હોસ્પિટલ દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે નિઃશુલ્ક મેડીકલ કેમ્પની શરૂઆત કરી.

પ્રેરણાસ્ત્રોતઃ નિર્મળાબેન અને યશવંતરાય એમ. મહેતા (સુરતી સાહેબ) વલસાડ/પારડી

યોગદાન : શ્રી દિનેશ મશરૂ, મશરૂગારમેન્ટ્સ, પારડી /મુંબઈ



## ૨૦૧૫

પારડીનું સૌ પ્રથમ અને એકમાત્ર કિડની ડાયાલીસીસ સેન્ટરની શરૂઆત મહેતા હોસ્પિટલનાં સહયોગ થકી શ્રીમતી પાલીબેન દેસાઈના વરદ હસ્તે કરવામાં આવી. માનનીય શ્રી કનુભાઈ દેસાઈ, ધારાસભ્યશ્રી પારડી તથા ડો. કે. સી. પટેલ સાંસદશ્રી વલસાડ અને ડાંગની વિશેષ ઉપસ્થિતિ રહી.

યોગદાન : નવજયોત ટ્રસ્ટ, મુંબઈ  શ્રીમતી પાર્વતીબેન બાબુભાઈ દેસાઈ શ્રી બિપીનભાઈ તથા બેલાબેન દેસાઈ, મુંબઈ પરીયા

## ૨૦૧૬

સને-૨૦૧૬ : નવા અને આધુનિક મેડીકલ હોમની શરૂઆત ''ભૂમિપૂજન સમારોહ'' દ્વારા થઈ.

યોગદાન : શ્રી પારડી બંદર ટ્રસ્ટ, કિલ્લા-પારડી

## ૨૦૧૮

નવા પરિસરમાં ૨૦ પથારીની સગવડ સાથે ગ્રાઉન્ડ ફ્લોર પર શરૂઆત થઈ.

યોગદાન :કેટી અને નોશીર કાવસજી ગોટલા, મુંબઈ

શ્રીમતી શાંતાબેન પટેલ, મુંબઈ / ઉમરસાડી

મુંબાદેવી મંદિર ટ્રસ્ટ, મુંબઈ

## ૨૦૨૦

અહીં રહેતા વડીલજનો માટે અતિ આધુનિક રસોઈ ઘર અને ભોજનાલયનું ઉદ્‌ઘાટન આરોગ્યમંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર) ગુજરાત રાજયના વરદ્‌હસ્તે થયું.

યોગદાન :શ્રી નિલેશ અરવિંદ ગાંધી, મુંબઈ, ડો. જયા અને હરિવદન શાહ, લંડન

## ૨૦૨૧

દ્વિતીય કોરની વીંગ ''એ'' અને ''બી'' જે થકી ૧૮ પથારીની ક્ષમતા વધારીને કાર્યરત કરવામાં આવી. જેનું ઉદઘાટન માનનીય શ્રી સી.આર. પાટીલ, પ્રમુખ ભાજપા ગુજરાત રાજય તથા સાંસદશ્રી નવસારીના હરદ હસ્તે કરવામાં આવ્યું.

યોગદાન :શ્રી કિશોરચંદ્‌ ગુલાબભાઈ દેસાઈ, પારસ પમ્પ પ્રાઈવેટ લી., બગવાડા

તૃતીય ફ્લોર વીંગ 'એ' કાર્યરત કરાતા બીજી ૧૨ પથારીની ક્ષમતા વધી, જેનું ઉદઘાટન શ્રી કનુભાઈ દેસાઈ, કેબિનેટ મંત્રીશ્રી, નાણા ઉર્જા અનેપેટ્રોકેમિકલ્સ, ગુજરાત રાજય દ્વારા કરવામાં આવ્યું.

યોગદાન :શ્રી બાલુભાઈ ભુલાભાઈ દેસાઈ તથા શ્રીમતી કુસુમબેન બાલુભાઈ દેસાઈ

કાર્યરત ડાયાલીસીસ સેન્ટરના નવીનીકરણ સાથે કાર્યરત બે મશીન ઉપરાંત બીજા પાંચ ડાયાલીસીસ મશીનનો ઉમેરો કરવામાં આવ્યો સાથે ડાયાલીસીસના દર્દીઓ માટે એમ્બ્યુલન્સ સુવિધા ઉભી કરવામાં આવી. પૂર્ણ ક્ષમતા સાથે આ યુનીટ કાર્યરત છે.

યોગદાન :શ્રી મનસુખલાલ ખડાવાલા અને પરિવાર સ્વ. ડો. જયસુખલાલ આર. મર્ચન્ટ ની યાદમાં શ્રી પ્રવીણચંદ્ર ભીખાભાઈ દેસાઈ, એરોકેમ લીમીટેડ, મુંબઈ

સર્વાંગી કિડની કેર પ્રોજેક્ટ ની શરૂઆત મહેતા હોસ્પિટલ પરિસર ખાતે ડાયાલીસીસ સેન્ટરની જોડે કરવામાં આવી. જેનું ઉદ્ઘાટન માનનીય શ્રી સી. આર. પાટીલ પ્રમુખ ભાજપા ગુજરાત રાજયના વરદ્‌ હસ્તે તથા મુખ્ય મહેમાન શ્રી કનુભાઈ દેસાઈ, કેબીનેટ મંત્રીશ્રી નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ ની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ.

યોગદાન : શ્રી સિધ્ધાર્થ કિશોરચંદ્ર દેસાઈ, પારસ પમ્પ પ્રા. લી., બગવાડા

શ્રી હેમંતભાઈ ઝવેરી, બાદશાહ મસાલા પ્રાઈવેટ લી., ઉમરગામ

## ૨૦૨૨

મેડીકલ હોમ ખાતે અદ્યતન **ફિઝીયોથેરાપી** યુનીટની શરૂઆત થઈ.
યોગદાન : કેટી અને નોશીર કાવસજી ગોટલા, મુંબઈ.
ગંભીર દર્દીઓનાં પરિવહન માટે **ક્રિટિકલ કેર (ICU) એમ્બ્યુલન્સની** સુવિધા શરૂ કરવામાં આવી.
યોગદાન :માન. શ્રી કનુભાઈ દેસાઈ
કેબીનેટ મંત્રીશ્રી નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા ધારાસભ્યશ્રી પારડી

## ૨૦૨૩

સામાજિક અસ્મિતા જાળવવાની એક નવીન પહેલ અંતર્ગત કોલેજનાં યુવાનો માટે **‘વરિષ્ઠ સાથી કાર્યક્રમ ’** ની શરૂઆત કરવામાં આવી.

**...અવિરતપણે આગળ ધપતી સફર...**

આરોગ્યલક્ષી સેવામાં સામાજિક જવાબદારીની ઉંડી સમજ સાથે સકારાત્મક બદલાવની દિશામાં અગ્રેસર એવી અનન્ય સંસ્થા.... હેલ્પીંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

## ઉદ્દેશ્ય

-કોઈપણ પથારીવશ, વૃધ્ધ, અશકત વ્યક્તિઓને ગુણવત્તાયુક્ત, હોસ્પિટલ સમાન અને ઘર કરતા સારી સાર સંભાળ પૂરી પાડવી.

-દરેકને ગૌરવપ્રદ, તબીબી સુરક્ષા સાથે બહેતર આરોગ્યપ્રદ જીવન મળે એ સુનિશ્ચિત કરવું.

-સમયની સાથે વયમર્યાદાને લઇને આવી પડેલ વિટંબણાઓ વચ્ચે વડિલોને આત્મનિર્ભર બનાવી જીવન માણવા પ્રેરિત કરવા

-જીવનમાં નાજુક અને તબીબી રીતે પડકારજનક સમયગાળા દરમિયાન કરૂણાસભર સંભાળ પુરી પાડવી.

-વિવિધ રોગ નિવારક પગલાઓ તેમજ માર્ગદર્શન થકી વડિલોને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)દ્વારા પ્રસ્થાપિત Active Ageing (સક્રિય વૃધ્ધત્વ) માટે પ્રોત્સાહિત કરવા



-સમગ્ર ભારતમાં જિલ્લાવાર મેડીકલ હોમ સંરચના ઉપર આ વ્યવસ્થા શરૂ કરવામાં NGO, સરકાર કે વ્યક્તિગત સમુહોને પ્રોત્સાહિત કરવા.

## અમારા મૂલ્યો

**વિશ્વાસ**

પ્રમાણિકતા અને ન્યાયીપણા સાથેની કાર્યપદ્ધતિ

**આદર**

તમામ સાથે દયા, કરૂણા અને આદરપૂર્વકનું વર્તન

**ગુણવત્તા**

આરોગ્ય સંભાળ અને સેવામાં નિરંતર શ્રેષ્ઠતાનો સમાવેશ.

**ટીમવર્ક**

સકારાત્મક ઉર્જા અને સૌના સહકારના સમન્વય થકી ઉચ્ચ પરિણામ

**સફળતાના આધારસ્તંભ**

સમર્પિત સંભાળ રાખતા કર્મચારીઓ, તબીબી વ્યાવસાયિકો કમિટી મેમ્બર્સ તથા ટ્રસ્ટીગણ

## મેડીકલ હોમની જરૂરિયાત





- તબીબી ક્ષેત્રની પ્રગતિ અને ગુણવત્તાયુક્ત જીવનશૈલીને કારણે વૃદ્ધોની સંખ્યામાં વધારો થવો.
- દીર્ઘ આયુષ્યનાં લીધે બીમારીઓ સાથે જીવતા લોકોની સંખ્યા ઉત્તરોતર વધી રહેલ છે. જે એમને માટે સંભાળ અને કાળજીની જરૂરિયાત ઉભી કરે છે.
- વયસ્ક વ્યક્તિઓને ગંભીર બિમારી કે ઓપરેશન બાદ સામાન્ય પરિસ્થિતીમાં આવવા માટે ઘનિષ્ઠ સાર સંભાળ અને સમયની જરૂરિયાત રહે છે.
- કેટલીક પારિવારીક પરિસ્થિતીઓ જેવી કે પરિવાર નાનો હોય, પતિ-પત્ની બંને અર્થોપાર્જનમાં વ્યસ્ત હોય કે બહાર ગામ રહેતા હોય ત્યારે આ પ્રકારે બાહ્ય રીતે સાર સંભાળ લેવાની પરિસ્થિતીનું નિર્માણ થતું હોવ છે.
- દીર્ઘકાલીન માંદગીઓ જેવી કે અલ્ઝાઈમર, ડિમેન્સીયા, ડાયાબીટીસ, હૃદયરોગ વગેરે પરિસ્થિતીમાં સતત સાર સંભાળ અને સહાયની જરૂરિયાત રહે છે.
- મેડીકલ હોમ જેવા પસંદગીના સ્થળે સુરક્ષિત વૃદ્ધત્વ માણવાની જરૂરિયાત વધી રહી છે.

# મેડિકલ હોમ સંકલ્પનાનો ઉદભવ

હેલ્પીંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મેડિકલ હોમના સ્થાપક પ્રમુખ શ્રી ડો. પ્રફુલ મહેતા કન્સલ્ટન્સ સર્જનની દીર્ઘદ્રષ્ટિ સાથે સહાનુભૂતિની ભાવના તથા સેવા માટેની પ્રતિબધ્ધતા રહેલી છે. સર્જન અને સુપરસ્પેશિયાલીટી હોસ્પિટલ ના સંચાલક તરીકે અશક્ત પથારીવશ બીમાર વડીલજનો ની તકલીફો અને પરિવારજનોની ચિંતા ને ખૂબ જ નજીકથી અનુભવી છે એક સામાન્ય વ્યકિત કરતાં ઉંમરલાયક વ્યકિતને માંદગીની અવસ્થા માંથી પુનઃ આરોગ્યપ્રદ સ્થિતિ પ્રાપ્ત કરવામાં વધુ સમયની સાથે સઘન કાળજી અને વિશેષ સહાયતા ની જરૂરિયાત હોય છે વડીલજનો માટે આ પ્રકારની વિશિષ્ટ સુવિધા ઘરે પૂરી પાડવીએ ઈચ્છા હોવા છતાં પરિવારજનો માટે ખૂબ જ કઠિન બની જાય છે આવી શ્રેષ્ઠ સુવિધા આપવા માટે સૌ સ્નેહીજનોએ ખૂબ સંઘર્ષ કરવો પડે છે પ્રિય વડીલજનોના આ નાજુક તબક્કામાં ઉચ્ચતમ સુવિધા આપવાના ખ્યાલ થકી સહાનુભૂતિ અને ઉમદા વ્યવસાયિક જ્ઞાનના માધ્યમથી ડો. પ્રફુલ મહેતાના મનમાં એક એવા મેડિકલ હોમ નો વિચાર આવ્યો કે જ્યાં એક છત હેઠળ મેડિકલ, નર્સિંગ, ફિઝિયોથેરાપી અને અંગત કાળજી સાથેની સર્વગ્રાહી સંભાળ ઉપલબ્ધ હોય એ અંતર્ગત મેડિકલ હોમ ની રચના થઈ કે જે હોસ્પિટલ જેવી સુવિધા ઘર જેવા વાતાવરણમાં પ્રદાન કરે છે.

અહીં રહેતા વડીલજનોની સાર સંભાળ માટે ડો.પ્રફુલ મહેતા દ્વારા ઝીણવટપૂર્વક બનાવાયેલ પ્રોટકોલ એ મેડિકલ હોમ નુ વિશિષ્ટ પાસુ છે. આ પ્રોટોકોલ એ ફક્ત સંભાળ લેવાની માર્ગદર્શિકા નથી પરંતુ ઉત્તમ ગુણવતા સભર વિશિષ્ટ કાળજી સાથે પરિવર્તન માટે વડીલ જનોને સન્માન અને લાગણી પૂર્વક તૈયાર કરવાનો માર્ગ છે આ શિષ્ટાચાર દ્વારા અહીંની દરેક સાર સંભાળ નિયમન થાય છે જે અહીં શ્રેષ્ઠતમ સુવિધા પ્રદાન કરવાની ખાતરી આપે છે.ડો.પ્રફુલ મહેતાની દ્રષ્ટિ પરંપરાગત આરોગ્ય સંભાળ કરતા પણ આગળ વિસ્તરે છે. વડીલજનો ને વૃદ્ધાવસ્થામાં માત્ર અસ્તિત્વમાં ન હોવું જોઈએ પરંતુ આ તબક્કાને આત્મખોજ તથા નવીનીકરણની તક સમજી ગૌરવ પૂર્વક જીવનનો આનંદ મળવો જોઈએ તેથી જ અહીં રહેતા વડીલજનો માટે મનોરંજન ના સાધનો કે કાર્યક્રમ ઉપરાંત દરેક તહેવાર, વર્ષગાંઠ, લગ્ન તિથિ, વગેરેની સમૂહમાં ઉજવણી કરવામાં આવે છે. આ ટ્રસ્ટનો ધ્યેય વડીલોને મુશ્કેલીના સમયમાં મદદરૂપ થઈ પારિવારિક ભાવનાઓનો જીવંત રાખવાનો છે. ડો.મહેતાના સક્ષમ નેતૃત્વ હેઠળ ટ્રસ્ટીગણ, સર્વ કમિટી સભ્યો તેમજ સમગ્ર સ્ટાફના પ્રયત્ન થકી મેડિકલ હોમ એ વરિષ્ઠ વ્યકિતઓ માટે આશાનું કિરણ બની રહ્યું છે જે એમના ચહેરા પર સ્મિત ફેલાવી પરિવર્તનના માધ્યમ તરીકે ઉભરી રહ્યું છે. અને પરિવારજનો માટે માનસીક શાંતિનું માધ્યમ બની રહયું છે.





# મેડિકલ હોમની વિભાવના

મેડીકલ હોમ એ વ્યક્તિ કેન્દ્રિત વ્યાપક અને સંકલિત પ્રાથમિક સંભાળના પરિપેક્ષ્યમાં રચાયેલ વિભાવના છે. જેનો ઉદેશ્ય ઉચ્ચ ગુણવતા યુક્ત સુલભ આરોગ્ય સંભાળની સેવા પ્રદાન કરવાનો છે. આ પ્રોટોકોલની રચના એ રીતે થયેલ છે કે જે વરિષ્ઠ વ્યક્તિઓની મોટાભાગની જરૂરિયાતોને એક છત હેઠળ આવરી લે છે.

(૧) વ્યક્તિ કેન્દ્રિત સર્વગ્રાહી સંભાળ
(૨) ઉચ્ચ ગુણવતા સાથે સુરક્ષિત સંભાળ
(૩) ઈમરજન્સી તબીબી સંભાળ
(૪) ટીમ આધારિત સંભાળ
(૫) સંકલિત વ્યવસ્થા
(૬) આધ્યાત્મિક સંભાળ
(૭) સશક્તિકરણ
(૮) આરોગ્ય સંભાળનું નવિનીકરણ
(૯) સામાજિક સંલગ્નીકરણ
(૧૦) સમયસર સંભાળ
(૧૧) ફિઝિયોથેરાપી અને પુર્ન વસન
(૧૨) કાટુંબિક પરામર્શ અને સહયોગ

# મેડીકલ હોમના મુખ્ય ઘટકો

૧ મેડિકલ કેર : આ સુવિધા અનુભવી તબીબો તથા નર્સો દ્વારા પુરી પાડવામાં આવતી સંભાળના ભાગ છે, જેમાં દરરોજ હોસ્પિટલ જેવી તબીબી તપાસ, દવાઓનું નિયમન, મુખ્ય રોગોની પરિસ્થિતી અંગેનું નિરિક્ષણ તથા તાત્કાલીક તબીબી સહાય મુખ્ય છે.

૨ નર્સીંગ કેર : મેડિકલ હોમ કેરના સમર્પિત નર્સીંગ અને સહાયક સ્ટાફ વરિષ્ઠોને દવા અને ખોરાક સાથે આવશ્યક આરોગ્ય સંભાળ એમના આરામદાયક પરિસરમાં મળી રહે એ સુનિશ્ચિત કરે છે.

૩ ફિઝિયોથેરાપી : શારિરીક ઉપચાર થકી સશક્તિકરણએ મેડિકલ હોમ કેરનો આધારસ્તંભ છે. જેનો હેતુ વ્યકિતની ગતિશીલના શકિત અને એકંદર શારિરીક સુખાકારી વધારવાનો છે. અહીં દરેક વ્યકિતની જરૂરિયાતને અનુરૂપ વૈવિધ્યપૂર્ણ ફિઝીયોથેરાપી પ્લાન બનાવવામાં આવે છે.

૪ પર્સનલ કેર : વિરિષ્ઠોને એમની દરેક રાજિંદી પ્રવૃતિઓમાં સહાય પુરી પાડવામાં આવે છે. ખૂબજ અશક્ત કે સંપૂર્ણ પધારીવશ વ્યક્તિઓની રોજિંદી પ્રવૃતિઓ અમારા સમર્પિત સ્ટાફ દ્વારા જ આટોપવામાં આવે છે. અંગત કાળજીમાં સ્નાન, પહેરવેશ એમને તૈયાર કરવાની દરેક પ્રવૃત્તિઓમાં એમની ગરિમા અને સન્માન જળવાય રહે એની કાળજી રાખવામાં આવે છે.આમ, મેડીકલ હોમ એ ઘરના વાતાવરણમાં હોસ્પિટલ જેવી સુવિધા આપતું સ્થળ છે.

# મેડિકલ હોમનું મહત્વ

**(૧) વ્યાપક સંભાળ :**

આ પ્રોગામનો સર્વગ્રાહી અભિગમ વરિષ્ઠ નાગરિકોનાં સ્વાસ્થ્યના તમામ પાસાને આવરી લે છે. એમની સુખાકારીના કોઈપણ પરિબળને અવગણવામાં આવતું નથી. આમ આરોગ્ય સંભાળ એમની સુખાકારી માટે નિર્ણાયક બની રહે છે

**(૨) વ્યક્તિગત સંભાળ :**

અહીં દરેક દર્દીને અનન્ય ગણવામાં આવે છે અને તેમની વિશિષ્ટ આરોગ્યની પરિસ્થિતિ તેમજ વ્યક્તિગત પસંદગીના આધારે એમની સંભાળની યોજના તૈયાર થાય છે. જેથી જરૂરી -વ્યક્તિગત ધ્યાન રાખી શકાય.

**(૩) જીવનની ઉન્નત ગુણવત્તા :**

તબીબી અને બિનતબીબી બંને જરૂરિયાતોને ધ્યાનમાં લઈ એમનાં સર્વાંગી જીવનની ગુણવત્તામાં વધારો કરવાનું આયોજન કરવામાં આવે છે. જે એમની સ્વતંત્રતા, ગતિશીલતા તથા સામાજિક અભિગમ જાળવી રાખવામાં મદદરૂપ થાય છે.

**(૪) સુવ્યવસ્થિત સેવાઓઃ**

એક છત હેઠળ વિવિધ સેવાઓની વિશાળ શ્રેણી પ્રદાન કરવામાં આવે છ. જે વરિષ્ઠ નાગરિકો અને પરિવારજનો માટે આરોગ્ય સંભાળની બહુવિધ જરૂરિયાતોને પૂરી કરે છે. અને માનસિક તણાવ તથા તેમની અસુવિધા ઘટાડે છે.

**(૫) સુસંગતતા અને સાતત્ય :**

વરિષ્ઠોની તબીબી તકલીફો અને વધતી જતી જરૂરિયાતોને સમજવા તબીબોની ટીમ હાજર હોય છે, અને સતત મળતી આ સેવાઓ અને તેમની સંભાળ રાખનારાઓ વચ્ચેની સુસંગતતા એક બીજામાં વિશ્વાસ અને સેવાઓની ગુણવતામાં વધારો કરે છે.

**(૬) મનની શાંતિ :**

વરિષ્ઠ નાગરિકોના પરિવારજનો પણ મનની શાંતિ અનુભવે છે કે તેમના પ્રિય વડિલજનને સલામત અને સંવર્ધિત વાતાવરણમાં વ્યાપક સાર સંભાળ મળી રહી છે.



## હોમ કેર અને મેડીકલ હોમ કેર વચ્ચેનો તફાવત :





| ઘરની સંભાળ | તબીબી ઘરની સંભાળ |
|---|---|
| વ્યક્તિ આધારિત સંભાળ. | જુથમાં આપવામાં આવતી સંભાળ જે ઝડપી પુનઃપ્રાપ્તિ વધારે |
| કુટુંબના સભ્યો દ્વારા પ્રદાન કરવામાં આવે છે. જાતિય અસમાનતા એ એક મુખ્ય અવરોધ છે. | પ્રશિક્ષિત સહકાર્યકરો અને પ્રોફેશનલ દ્વારા આપવામાં આવેલ |
| અહીં મહત્વપૂર્ણ બાબતો તબીબી પરીક્ષણો સલાહકારના અભિપ્રાય અને ડોક્ટરની મુલાકાતનો અભાવ છે. | ડોકટર અને સલાહકારના અભિપ્રાય દ્વારા મહત્વપૂર્ણ તબીબી પરીક્ષણો અને દૈનિક રાઉન્ડનું ટ્રેકિંગ. |
| ઈમરજન્સી સેવા ઉપલબ્ધ નથી. | ઈમરજન્સી સેવા સેવા હંમેશા સક્રિય છે. |
| પરિવારના સભ્યો દ્વારા ઉપલબ્ધ સમય પ્રમાણે કાળજી લેવામાં આવે છે. | કાળજી પ્રોએક્ટીવ પ્લાન મુજબ નક્કી કરવામાં આવે છે અને નિશ્ચિત અનુસૂચી મુજબ પ્રમાણિત કરવામાં આવે છે. |
| ફિઝીયોથેરાપી સેવા બહારથી મેળવવી પડે છે. | ફિઝીયોથેરાપી સેવા ઉપલબ્ધ છે. |
| ઘરે દર્દીઓ એ સમસ્યાઓ વિશે જાણ કરવી આવશ્યક છે. | પ્રોફેશનલ અને અનુભવી સ્ટાફ દર્દી ફરિયાદ કરતા પહેલા સમસ્યાનું ધ્યાન રાખે છે |
| ખોરાક અને દવાઓ માટેનો સમય ચુસ્તપણે અનુસરવો મુશ્કેલ છે. | ખોરાક અને દવાઓ માટેનો સમય ચુસ્તપણ અનુસરવામા આવે છે. |
| ઘરે ઝાડા /પેશાબ / RT ફીડીંગ બોજારૂપ બની જાય છે. | ઝાડા/પેશાબ/RT ફીડીંગ એ પ્રવૃત્તિનો નિયમિત ભાગ છે. |
| અન્ય કર્મચારીઓની મદદથી વ્યક્તિગત સંભાળમાં ખર્ચ મુખ્ય ભૂમિકા ભજવે છે. | તે વધારાના લાભો સાથે ખર્ચ અસરકારક બને છે. |
| વિવિધ સેવા પ્રદાતાઓ સાથે સંકલનનું સંચાલન કરવું મુશ્કેલ છે. | સેવા આપનારાઓ દ્વારા વ્યવસાયીક રીતે સંકલિત સેવા પૂરી પાડવામાં આવે છે. |
| ગુણવતા યુકત સંભાળ અને સલામતી ઘણીવાર જળવાતી નથી | ગુણવતા અને સલામતીનું વ્યવસાયીકો દ્વારા નિરીક્ષણ કરવામાં આવે છે અને તેને સુધારવા ઝડપી ફેરફારો કરવામાં આવે છે. |
| દર્દીના સામાન્ય જીવનમાં પાછા ફરવું અથવા આત્મનિર્ભર મુશ્કેલ બને છે. | સામાન્ય જીવનમાં પાછા ફરવું અથવા આત્મનિર્ભર બનવું સરળ છે. |

# તબીબી સુવિધા



## પૂર્ણકાલીન ડોક્ટરની દેખરેખ

- દરરોજ સવાર સાંજ બે વખત ડોકટર દ્વારા તપાસ
- ઈમરજન્સી તબીબી સારવાર
- જરૂરિયાત મુજબ સ્પેશ્યાલીસ્ટ/કન્સલ્ટન્ટનો અભિપ્રાય/દર્દીની તપાસણી
- લકવો, અસ્થિભંગ (ફ્રેક્ચર) તથા શારિરીક દુર્બળતાના દર્દીઓની વિશેષ કાળજી
- ઇ.સી.જી., ઓકિસજન, શ્વાસનળી નાંખવી, CPR નેબ્યુલાઇઝર, સકશન મશીન ઉપલબ્ધ
- ઈમરજન્સી દવાની સુવિધા
- ખ્યાતનામ લેબોરેટરી દ્વારા લોહીની તપાસણી
- ઈમરજન્સી ૨૪ કલાક એમ્બ્યુલન્સ સુવિધા





## નર્સિંગ સુવિધા

- માનવીય સંવેદનાસભર નર્સીંગ સુવિધા
- દિવસમાં બે વખત શરીરનું તાપમાન બ્લડપ્રેશર, નાડીનાં ધબકારા તથા શરીરનાં
- ઓકિસજનની તપાસણી
- બ્લડસુગર માપણી તથા ઇન્સ્યુલીન ડોઝનું નિયમન
- ઈમરજન્સીમાં વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ કરવા પડે તો સંબંધીઓ આવે
- ત્યાં સુધી સ્ટાફ દ્વારા સંપૂર્ણ કાળજી
- માનવીય અભિગમ દ્વારા દર્દી ઝડપથી સારો થાય અને આત્મવિશ્વાસ વધે તેવા પ્રયત્નો
  રાઈલ્સ ટ્યૂબ ફિડીંગ (નળી દ્વારા ખોરાકો) તથા કેથેટરાઈઝેશન (પેશાબની નળી)ની કાળજી તેમજ બેડ શોર (Bedsore) ની કાળજી





## અંગત કાળજી

- દરેક રોજિંદા ક્રિયામાં મદદરૂપ થવું.
- વ્યક્તિને રોજ સવારે સ્નાન, કપડા, વાળ, દાઢી તથા મળ-મૂત્ર ઉત્સર્જનની કાળજી
- જમવા માટે વ્હીલચેરમાં ભોજનમાં લઈ જવા અનેજરૂરીયાત મુજબ પથારીમાં જમવાની વ્યવસ્થા કરવી તેમજ જે પોતે જમી શકે એમ ન હોય તો એમને જમાડવું
- વહેલી સવારે રૂમમાં, ત્યારબાદ નાસ્તો અને ચા, બપોરનું ભોજન, સાંજે ચા સાથે હળવો નાસ્તો,રાત્રિ ભોજન અને દૂધ
- ડાયેટિશ્યન ( આહાર નિષ્ણાંત ) તથા પરિવારનાં સભ્યોની સલાહ અનુસાર પોષણક્ષમ ભોજન
- વિવિધ પ્રકારના અનુકુળ સ્વાદિષ્ટ ભોજન દ્વારા દરેક વડિલોને તંદુરસ્ત અને ખુશહાલ રાખવા.

## પૂનર્વસન



- પૂર્ણકાલીન ફિઝિયોથેરાપીસ્ટ દ્વારા ફિઝીયોથેરાપીની સુવિધા
- સ્પીચ થેરાપી, ઓક્યુપેશનલ થેરાપી તેમજ ગેઈટ ટ્રેનિંગ
- શારીરિક હલનચલન દ્વારા વધારેને વધારે સ્વનિર્ભર બનવા પ્રોત્સાહિત કરવા
- સ્પાસ્ટીસીટી મેનેજમેન્ટ, સ્ટ્રેન્થ ટ્રેનિંગ, ફ્લેક્ષીબીલીટી ટ્રેનિંગ તથા બેલેન્સ અને
- કો-ઓર્ડિનેશન સુધારણા

## દૈનિક જરૂરિયાતો

- સવારની બેડ ટી, ચા સાથે નાસ્તો, લંચ, ચા નાસ્તો, રાત્રિભોજન, રાત્રે એક કપ ગરમ દૂધ.
- પૌષ્ટિક ભોજનનું મેનું પરિવારના સભ્યો અને ડાયટિશિયન સાથે પરામર્શ કરીને જરૂરિયાત મુજબ બનાવવામાં આવ્યું છે.
- સ્વાદિષ્ટ ફુડ મેનુની વિવિધતા રહેવાસીઓને સ્વસ્થ અને આનંદી રાખે છે.



## કાઉન્સેલીંગ

- દર્દી તથા એમના સંબંધીઓને રોગ તથા એના પરિણામોની વિસ્તૃત માહિતી
- આપવી અને કુટુંબીજનોની મદદ દ્વારા સ્વનિર્ભર બનાવવા પ્રયત્નો કરવા
- જરૂરિયાત મુજબ સાઈકોએનાલિસ્ટ /સોશ્યલ કાઉન્સીલર ઉપલબ્ધ કરવા

## મનોરંજન



- ટેલીવિઝન, સમાચાર પત્રો, મેગેઝીનો
- લાઈબ્રેરી તથા ધ્યાનખંડની સુવિધા
- સવારે હળવુ સંગીત / ભજન તથા સાંજે પ્રાર્થના
- વિવિધ પ્રકારની રમતો દ્વારા માનસિક રીતે પ્રફુલ્લિત રાખવા
- ખાસ આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન
- વર્ષગાંઠ લગ્નતિથી તથા ખાસ તહેવારોની ઉજવણી કરવી
- દર્દીઓની કાર્યકુશળતા તથા એમનાં શોખને પ્રોત્સાહિત કરવા

# TESTIMONIALS

We came along with the students of MTA, udvada. the visit has really opened our eyes and the student's perception has changed. very good noble cause being carried out at Helping Hand trust. Good hyginic conditions were observed. we really loved talking with our senior people over here. Wishing all the best to HHCT and God bless them all...

**SANJAY SAVAN**
**MARINE TRAINING ACADEMY, UDVADA.**
**24/03/2017**

My mother stayed in Helping Hand Charitable Trust for more than 4 years. The long stay and pleasant stay was only possible because the staff was fantastic in their support and accepted her as their own despite the language barriers. it is hard leaving this as it is hard to leave one's family. Keep up the good work!

**SHAMIK CHAKRABORTY**
**41 BROOKSIDE AVE LIVIGSTON, NJ 07039, UNITED STATES.**
**shamika@yahoo.com**
**09/10/2017**

**મદદ (હેલ્પ) એજ સેવા મંદિર છે. અહીંના પરિવારજનોની સ્વસ્થતા, ચહેરા ઉપરનું હાસ્ય અને અંતરના ઉમળકાથી અહીં થતી સેવાઓથી ઈશ્વરનાં આ બધા સ્વરૂપો તૃપ્ત છે. તેવું દેખી શકાય, સમજી શકાય. ટ્રસ્ટીઓના આ સેવા મંદિરમાં સેવા માટેની અભીરૂચી જ સંસ્થાની સાર્થકતા છે...**

શ્રી સ્વામિ અધ્યાત્મનંદજી
શિવાનંદ આશ્રમ, અમદાવાદ

**આજ રોજ હેલ્પીંગ હેન્ડ સંસ્થામાં આવવાનું થયું ખુબજ આનંદ અને સંતોષ થયો. ડો. મહેતા સાહેબ, શ્રી નિતિનભાઈ દેસાઈ તથા શ્રી શરદભાઈ દેસાઈ સૌ આ સંસ્થા ના આત્મા બની જે કાર્ય કરી રહયા છે તે કાર્ય પ્રભુ સેવા જેવું ઉમદા છે. આ સંસ્થાનો વિકાસ થતો રહે અને જરૂરત મંદ લોકોને લાભ મળે એવી શુભકામના...**

શ્રી સ્વામિ હરિપ્રસાદ દાસજી
વલ્લભઆશ્રમ-પારડી

Very Good Humanitarian Project It's Very need to Society today, Dr. Praful is Very Loving & Caring With All Persons. Very Well, We also Want to Join the Projects God Bless All and This Helping Hand Mission.

**Dr. GURUJEE KUMARAN SWAMI**
**(Founder 5th Dharam Sanatan)**
**Cambodia**

**PLOD ON BRIGHT FUTURE AWAITES YOU ALL**

**ઈશ્વર અનુગ્રહ છે, તે શાશ્વત રહે, એજ પ્રાર્થના**

# ટ્રસ્ટી ગણ

| | |
|---|---|
| ડો પ્રફુલ વાય. મહેતા | સ્થાપક ચેરમેન અને ટ્રસ્ટી (કન્સલ્ટન્ટ સર્જન) |
| શ્રી શરદ એમ. દેસાઈ | સ્થાપક વાઇસ ચેરમેન અને ટ્રસ્ટી (ભૂતપૂર્વ અધ્યક્ષ, SBPP બેંક) |
| શ્રી અજય જી. શાહ | સેક્રેટરી અને ટ્રસ્ટી (ટેક્સ કન્સલ્ટન્ટ) |
| શ્રી મિરાજ પી. વાશી | ટ્રેઝરર અને ટ્રસ્ટી (બિલ્ડર) |
| ડો.પ્રતાપ વી. ઠોસર | સ્થાપક ટ્રસ્ટી (જનરલ પ્રેક્ટિશનર) |
| શ્રી વિનય પી દેસાઈ | સ્થાપક ટ્રસ્ટી (ઉદ્યોગપતિ) |
| શ્રી કિશોર ડી. પંડ્યા | સ્થાપક ટ્રસ્ટી (સામાજિક કાર્યકર) |
| મિસ. સ્વાતિબેન એસ. લાલભાઈ | ટ્રસ્ટી (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) |
| શ્રી. રાજેન્દ્ર એમ. દેસાઈ | ટ્રસ્ટી (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) |

## ભૂતકાળના ટ્રસ્ટીઓ

| | |
|---|---|
| શ્રી. નીતિન આર દેસાઈ | સ્થાપક ટ્રસ્ટી (ખેડૂત) |
| સ્વ. જયંતભાઈ બી.ચાંપાનેરી | સેક્રેટરી અને ટ્રસ્ટી. વર્ષ ૨૦૦૯-૨૦૧૫. |
| સ્વ. શાંતાબેન એમ. પટેલ | (સામાજિક કાર્યકર) વર્ષ ૨૦૧૩-૨૦૨૧. |
| સ્વ. અશોક વી. પટેલ | (ખેડૂત અને ઉદ્યોગપતિ) વર્ષ ૨૦૧૬૨૦૨૩. |

## સલાહકાર બોર્ડ

| | |
|---|---|
| શ્રી. કનુભાઈ એમ. દેસાઈ | કેબિનેટ મંત્રીશ્રી ગુજરાત રાજ્ય, નાણા, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ મંત્રાલય, ગુજરાત સરકાર |
| શ્રી. તુષાર એ. ચૌધરી | માજી કેન્દ્રીય મંત્રી, માર્ગ, પરિવહન - ભારત સરકાર |
| શ્રી . સિદ્ધાર્થ કે. દેસાઈ | પારસ પંપ પ્રા. લિ. બગવાડા |
| શ્રી. બિપીનભાઈ દેસાઈ | પાલીપોલિમર્સ, મુંબઈ |
| શ્રી. હેમંતભાઈ ઝવેરી | બાદશાહ મસાલા પ્રા. લિ. ઉમરગામ |
| શ્રી. રમેશભાઈ શાહ | બેસ્ટ પેપર મીલ, વાપી |

## ગવર્નિંગ કમિટી

| | |
|---|---|
| ડો.નીલમ મહેતા એમ.ડી. | 94268 09519 |
| ડો.પ્રતાપ થોસર M.B.B.S. | 98258 22199 |
| શ્રી. પ્રેમલસિંહ ચૌહાણ | 93753 18181 |
| શ્રી. પ્રિતેશ ભરૂચા | 97275 31963 |

## પ્રવેશ અને પૂછપરછઃ

સંચાલક
૯૭૨૭૦ ૧૨૨૮૯

## એક્ઝિક્યુટિવ કમિટી

| | |
|---|---|
| શ્રી. કેતન સતીશ જોષી | વાપી |
| શ્રી. શૈલેષ કે નાયક | પારડી |
| શ્રી. ખાલિદ સિરોયા | વાપી |
| શ્રી. ભરત ડી.દેસાઈ | પારડી |
| શ્રી. સોમુ દેસાઈ | પારડી |
| શ્રી. દિપેશ શાહ | વલસાડ |



## આધાર વર્તુળ

| | |
|---|---|
| ગિરીશ પી. પટેલ | વાપી |
| નિલેશ એમ. ભંડારી | પારડી |
| જતીન આર. શાહ | વલસાડ |
| દેવાંશુ દેસાઈ | મુંબઈ |
| મોહમ્મદ નલવાલા | પારડી |
| બળવંત જી. પટેલ | પારડી |
| કમલેશ જી. પટેલ | પારડી |
| સમીર એમ. દેસાઈ | પારડી |
| ભરત એન. દેસાઈ | પારડી |
| સંદિપ એસ. મોદી | પારડી |
| કલ્પેશ જે.પરમાર | પારડી |
| નિમેશ આર. વશી | વાપી |
| મોહિત કે દેસાઈ | ઉદવાડા |
| દેવેન શાહ | પારડી |
| જાગ્રત એસ. દેસાઈ | મુંબઈ |
| મિસ.સુભોનિતા ગરગરી | મુંબઈ |
| શ્રીમતી સોનલ એન શાહ | વલસાડ |
| જગદીશ તન્વર | વાપી |
| હિમાંશુ પુરોહિત | વાપી |
| પિંકલ એમ પટેલ | પારડી |

CONTACT :
**Dr PRAFUL MEHTA - 9825132289    SHARAD DESAI - 9825135136**



## મેડિકલ હોમ નું આંતર માળખું

મેડિકલ હોમ પાર નદીના કિનારે કુદરતી વાતાવરણમાં ૩.૫ એકર વિસ્તારમાં ફેલાયેલું છે. મેડિકલ હોમની ઉત્તરે પારનેરાનો ડુંગર અને પારનદી, પશ્ચિમે પારનદી ઉપરનો રેલ્વે પુલ જેવા રમણીય દ્રશ્યોના દર્શન થાય છે. અહીંનું કુદરતી વાતાવરણ દર્દીને વહેલા સાજા થવામાં તેમજ પરત ફરવા માટે મદદરૂપ થાય છે.

- મેડિકલ હોમ ૫૫,૦૦૦ સ્કેર ફુટમાં કાર્યરત છે. સમગ્ર સંકલ્પ પૂર્ણ થશે ત્યારે ૧,૭૫,૦૦૦ સ્કવેર ફૂટ માં વિસ્તરેલું હશે.

- મેડિકલ હોમ ની ચારે તરફ વૃક્ષો દ્વારા હરિયાળો વિસ્તાર બનાવવામાં આવ્યો છે.

- મેડિકલ હોમ ની અંદર ના પેસેજ પહોળા અને ૮ ફુટની ઊંચાઈ સુધી ટાઈલ્સ લગાવવામાં આવી છે.

- વિશાલ બાથરૂમમાં ઠંડા ગરમ પાણીની વ્યવસ્થા ઉપરાંત શાવરની વ્યવસ્થા આપવામાં આવી છે.

- સલામતી માટે બાથરૂમના દરવાજાને બદલે પડદાઓ રાખવામાં આવ્યા છે દર્દીની સુખાકારી માટે બેડ સાઈઝ લિફ્ટ બનાવવામાં આવી છે.

- સમગ્ર વિસ્તાર સીસીટીવી દ્વારા સુરક્ષિત છે.નર્સ ને જરૂર પડયે બેલ દ્વારા બોલાવી શકાય એવી વ્યવસ્થા છે.

- ઉચ્ચ પ્રકારના મેડિકલ બેડ, ઓવર બેડ ટેબલ, કબાટ અને એક અંગત ડ્રોઅર તમામ રૂમમાં આપવામાં આવ્યા છે.

- વડીલોના પરિવારજનોના રોકાણ માટે ગેસ્ટ રૂમની વ્યવસ્થા ટૂંક સમયમાં કરવામાં આવશે.

## સુવિધાઓ



- ડીલક્ષ રૂમઃ એક વ્યક્તિ માટે એસી અને ટીવી ની વ્યવસ્થા અંગત સેવક રાખવાની સુવિધા સાથે.
- સ્પેશિયલ : એક વ્યક્તિ માટે અંગત સેવક રાખવાની સુવિધા (એસી/ટીવી વગર).
- સેમી સ્પેશિયલ રૂમ : બે વ્યક્તિઓનો સમાવેશ.
- જનરલ રૂમ : ત્રણ વ્યક્તિઓનો સમાવેશ.
- ગેસ્ટ રૂમ (પ્રસ્તાવિત) : દર્દીના સગાઓ જો રહેવા માંગતા હોય તો એમને માટેની રહેવાની સુવિધાઓ રાખેલ છે
- યોગા, ધ્યાન રૂમ, પ્રસ્તાવિત લાઇબ્રેરી
- ડાઈનિંગ રૂમ : વ્હિલ ચેર સાથે વાપરી શકાય એવા ટેબલની સુવિધા સહિત.
- રસોડું : ૩૫૦ થી વધુ વ્યક્તિઓનું ભોજન તૈયાર કરી શકે એવું સંપૂર્ણ આરોગ્ય પ્રદ રીતે બનાવેલું રસોડું.
- ફિઝીયો થેરાપી રૂમ
- ૨૫૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતું ઓડિટોરીયમ માટે જગ્યા રસોડું અને જમવાની જગ્યા તથા વોશરૂમની સુવિધા સાથે.
- લેન્ડસ્કેપ ગાર્ડન વ્હિલ ચેર સાથે ગાર્ડનમાં જઈ શકાય અને કુદરતી વાતાવરણ માણી શકાય એ પ્રકારના ગાર્ડન.

## દાન યોજના

| NO. | DESCRIPTION | AMOUNT |
|---|---|---|
| ૧ | મેડિકલ હોમ નું નામ કરણ | ₹ ૧૧ કરોડ |
| ૨ | ફિઝીયો થેરાપી યુનિટ નું નામકરણ | ₹ ૫૧ લાખ |
| ૩ | દરેક વીંગ નું નામકરણ | ₹ ૫૧ લાખ |
| ૪ | એર બેડ રીઝવ રાખવા માટે | ₹ ૨૧ લાખ |
| ૫ | દરેક રૂમનું નામકરણ | ₹ ૧૧ લાખ |
| ૬ | દરેક રૂમનું નામકરણ બે નામ | ₹ ૬ લાખ |

## GENERAL DONATION

| નં | વિગત | રકમ |
|---|---|---|
| ૯ | એડોપ્ટ-એ-પેરન્ટ સ્કીમ (એક વર્ષ માટે એક દર્દી) | ₹૧.૫૧ લાખ |
| ૧૦ | એક દર્દીની માસિક મેડિકલ હોમ ફી | ₹૧૭૦૦૦ |
| ૧૧ | ડાયપર અને ડિસ્પોઝેબલ માટે (૨ દર્દી/મહિનો) | ₹૧૧૦૦૦ |
| ૧૨ | એક વ્યકિતના જન્મદિવસ અથવા વર્ષગાંઠના | ₹૫૦૦૦ |

## ડાયાલિસિસ

| | | |
|---|---|---|
| ૧ | ડાયાલિસિસ માટે દત્તક-એ-દર્દી યોજના (એક વર્ષ માટે એક દર્દી) | ₹૧.૫૧ લાખ |
| ૨ | ત્રણ મહિના માટે ડાયાલિસિસ માટે એક દર્દીને સ્પોન્સર કરવું | ₹૨૫૦૦૦ |
| ૩ | એક દર્દી માટે એક મહિના માટે પ્રાયોજિત ડાયાલિસિસ (ગુણાકારમાં) | ₹૧૧૦૦૦ |
| ૪ | ડાયાલિસિસ આકસ્મિક ભંડોળ માટે | ₹૧૧૦૦૦ |
| ૫ | બે દર્દી માટે એક ડાયાલિસિસનું કીટ સ્પોન્સર | ₹૫૦૦૦ |
| ૬ | એક દર્દી માટે એક મહિના માટે પ્રાયોજિત ડાયાલિસિસ (ગુણાકારમાં) | ₹૧૨૦૦ |

## વરિષ્ઠ નાગરિકનો મફત તબીબી કેમ્પ (માસિક)

| | |
|---|---|
| ૧ એક વર્ષ માટે ફ્રી મેડિકલ કેમ્પને સ્પોન્સર કરવું (૧૨ કેમ્પ) | ₹૧.૫૧ લાખ |
| ૨એક મહિના માટે ફ્રી મેડિકલ કેમ્પને સ્પોન્સર કરવું (૧ કેમ્પ) | ₹૧૫૦૦૦ |
| ૩ સ્પોન્સરિંગ CBC RBS ECG, એક્સ રે ચેસ્ટ એક કેમ્પમાં | ₹૫૦૦૦ |
| ૪ ગરીબ વરિષ્ઠ નાગરિક માટે એક મહિના માટે દવા પ્રાયોજિત | ₹૧૫૦૦ |

**નોંધઃ** તમારા દાન આવકવેરા નિયમ ૧૦ એસી
અને ૮૦ G હેઠળ રાહતપાત્ર છે.

**આપના દાન માટે**
**"QR Code" સ્કેન કરો**
દાનની માહિતી
આ નંબર : ૯૪૨૬૮૦૯૫૧૯
પર જણાવો

## TRUST DETAILS

| | |
|---|---|
| Legal Status : | Public charitable Trust |
| Public Trust Reg. No : | E-2501-Valsad /09-09-2009. |
| Registering Authority : | Assistant Charity Commissioner, Valsad |
| Municipal Registration (form B) No. : | CR 168000010. PARDI NAGARPALIKA, PARDI. |
| PAN No : | AAATH8086M |
| F.C.R.A. Reg. No : | Under Process |
| 80G Income Tax : | CIT/VAL/Tech/HHCT/2009-10/8281 |
| FORM NO.10 AC : | AAATH8086MF20214 (AY 2022-23 T0 AY 2026-27) |
| CSR Registration: | CSR0001954 |
| DARPAN NGO Registration: | GJ/2021/0276277 |

## બેંકની વિગતો

HDFC Bank Ltd. Pardi Branch. A/c No. 50100215822336, IFSC Code. HDFC0002051

IDFC First Bank Ltd Pardi Branch. A/c. No. 10062873377.IFSC code. IDFB0042443.

SBPP Co-op Bank Ltd Pardi Branch. A/c No. 021100002064 IFSC Code No. UTIB0SBP

## મફત સીનીયર સીટીઝન મેડીકલ ચેકઅપ શિબિર પ્રિવેન્ટીવ કેર – ૨૦૧૨

વર્તમાન સમયમાં આરોગ્ય જાળવણીનો ખર્ચ નિરંતર વધી રહયો છે વરિષ્ઠ વ્યક્તિના પાછલા વર્ષોમાં નિયમિત તબીબી તપાસ થકી એમની આરોગ્ય સુખાકારી પર દેખરેખ રાખવી ખુબજ મહત્વની બાબત છે, પરંતુ આ સમયગાળા દરમિયાન નિવૃત જીવન સાથે આવકના સ્ત્રોત મર્યાદિત થઈ જાય છે. અને તબીબી ખર્ચ વધતો જાય છે. બહુવિધ સ્પેશ્યાલીસ્ટ કન્સલ્ટન્ટ સુધી પહોંચવામાં પણ એમને સહારાની જરૂર પડે છે. આ સમસ્યાને હલ કરવાની દિશામાં ટ્રસ્ટ દ્વારા એક પ્રશંસનીય પગલું ભરવામાં આવ્યું છે. મહેતા હોસ્પિટલનાં સહયોગથી દર મહિને નિયમિત પણે પહેલા રવિવારે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ આવશ્યક તબીબી સેવાઓ મેળવવા સંઘર્ષ કરી રહેલ વડીલો માટે ટ્રસ્ટની પહેલ તબીબી સલામતી માટેનો વિસામો બની રહી છે. હાલ લગભગ ૬૦૦ થી વધુ આ સેવા માટે નોંધાયેલ છે. અને દર મહિને ૬૦ થી વધુ વડિલો આ સેવાનો લાભ મેળવી રહયા છે. સાથે ઘણા વડીલો અમારા કાઉન્સેલીંગ થકી WHO ના પ્રોગ્રામ સક્રિય વૃધ્ધત્વ (Active Ageing) ની દિશામાં આગળ વધી રહ્યા છે.

## મુખ્ય સેવાઓ



**સામાન્ય આરોગ્ય તપાસ :–**

વરિષ્ઠ નાગરિકોનું સઘન આરોગ્ય તપાસ સાથે તેમની શારિરીક, માનસિક, તબીબી પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવે છે. એમાં બ્લડપ્રેશર, હૃદયના ધબકારા, ઓકસીજનનું પ્રમાણ, ઈ.સી.જી. અને અન્ય મહત્વપૂર્ણ તપાસનો સમાવેશ થાય છે.

**રક્ત પરિક્ષણ :–** સામાન્ય રક્ત પરિક્ષણ જેવું કે બ્લડ સુગર, કોલેસ્ટેરોલ, લોહીનું પ્રમાણ, તેમજ અન્ય જરૂરી બ્લડ તપાસ પણ હાથ ધરવામાં આવે છે.

**દવાની સમીક્ષા :–** કન્સલ્ટન્ટ તબીબો દ્વારા હાલમાં ચાલુ દવાઓની સમીક્ષા કરવામાં આવે છે. અને એ ખાતરી કરવામાં આવે છે કે આ દવાઓ અસરકારક રીતે કાર્ય કરી રહી છે. જો જરૂર લાગે તો તે અંગેના બદલાવ માટે સુઝાવ રજૂ કરવામાં આવે છે. જેથી દવાઓની મહત્તમ અસરકારકતાનો લાભ મળી રહે.

**નિષ્ણાંત પરામર્શ :–** નિષ્ણાંત તબીબો જેવા કે કન્સલ્ટન્ટ સર્જન, ફિઝીયો ડેન્ટીસ્ટ, ઓર્થોપેડિક સર્જન, આંખનાં નિષ્ણાંત વગેરે ચિકિત્સકો એકજ જગ્યાએ જરૂર મુજબ તપાસ કરે છે આ કેમ્પનું જમા પાસુ છે. જેથી વડીલોએ સ્પેશ્યાલીસ્ટનાં અભિપ્રાય માટે આસ્તેમ જવુ નથી પડતું.

**આરોગ્ય શિક્ષણ :–** વરિષ્ઠ નાગરિકોને સ્વસ્થ જીવનશૈલી જાળવવા માટે આહાર અને જરૂરી કસરતની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે.

**સક્રિય વૃધ્ધત્વ :–** અનિવાર્ય રીતે આવતી વૃધ્ધત્વની પ્રક્રિયાનો સામનો કરવા માટે વડીલો તથા એમના પરિવારજનોને સક્રિય પરામર્સ દ્વારા તૈયાર કરવામાં આવે છે. સાથે તેમને શારિરીક અને માનસિક રીતે સક્રિય કરી એ માટે ઉત્તેજન આપવામાં આવે છે.

## ડાયાલીસીસ સેન્ટર અને કિડની કેર

હેલ્પીંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એક નવીન અને પરિવર્તનકારી વિચાર દ્વારા વડીલોની સુખાકારી માટે મેડીકલ હોમનું સંચાલન કરે છે. આરોગ્યલક્ષી સેવાઓમાં અગ્રેસર એવા આ ટ્રસ્ટ દ્વારા વધતી જતી કિડનીના રોગો અને તેના કારણે વધતી ડાયાલીસીસની જરૂરિયાતને ધ્યાનમાં રાખી પારડીનું એકમાત્ર અને સૌ પ્રથમ ડાયાલીસીસ સેન્ટર વર્ષ-૨૦૧૫ માં શરૂ કરવામાં આવ્યું. આ અનુભવ બાદ જ એક મહત્વાકાંક્ષી કિડની કેર પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો. જેનું લક્ષ્ય પારડી ખાતે કિડની રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ અને કિડની ટ્રાન્સનપ્લાન્ટ સુવિધા ઉભી કરવાનો છે.

## ડાયાલિસિસ સેન્ટરઃ હેલ્થકેર ગેપની પૂર્ણતા (વર્ષ ૨૦૧૫)

હેલ્પિંગ હેન્ડ ચેરિટેબલટ્રસ્ટનો દ્વારા સમાજની જરૂરીયાતને સમજીને કરવામા આવેલ એ પારડીનું પ્રથમ અને એકમાત્ર ડાયાલીસીસ સેન્ટર છે.



આ કેન્દ્ર આધુનિક સુવિધા અને અદ્યતન સાત મશીનોથી સુસજ્ઞ છે. અને ઉચ્ચ ગુણવત્તાયુકત ડાયાલીસીસ સેવાઓ આયુષ્યમાન ભારત કાર્ડનાં લાભાર્થીઓને મફત પૂરી પાડે છે. હાલ દર મહિને ૪૦૦ થી ૫૦૦ ડાયાલીસીસ કરવામા આવે છે. તથા દર્દીઓના પરિવહન માટે એમ્બ્યુલન્સ સુવિધા પણ રાખવામા આવેલ છે.

## ક્રિટિકલ કેર (ICU) એમ્બ્યુલન્સઃ જીવનરક્ષક ઉપક્રમ (વર્ષ ૨૦૨૨)

આ દુનિયામાં પ્રત્યેક સેકન્ડ માનવ જીવન બચાવવામાં મહત્વની છે, ક્રિટિકલ કેર એમ્બ્યુલન્સ (લાઈફલાઈન ઓન વ્હીલ્સ) સેવા માનનીય શ્રી કનુભાઈ દેસાઈ, ગુજરાત રાજયના નાણામંત્રી અને પારડી વિધાનસભાના ધારાસભ્ય ના ઉદાર દાન અને સમર્થન સાથે શરૂ થઈ. વલસાડના ગંભીર દર્દીઓના પરિવહન દરમિયાન ઈમરજન્સી મેડિકલ સેવાઓને વધારવાની દિશામાં એક જરૂરી પગલું છે, આ એમ્બ્યુલન્સ દરેક અત્યાધુનિક તબીબી સાધનોથી સજ્ઞ છે અને ઉચ્ચ પ્રશિક્ષિત તબીબી વ્યાવસાયિકો સાથે સ્ટાફ છે. આ પહેલ એ અમારા સમર્પણનો પુરાવો છે જે ખૂબ જ પોસાય તેવા ખર્ચે ગંભીર દર્દીના પરિવહન માટે પણ શ્રેષ્ઠ તબીબી સેવાઓ સુનિશ્ચિત કરે છે.

ક્રિટિકલ કેર એમ્બ્યુલન્સ એ આરોગ્ય સંભાળની સાંકળમાં એક મહત્વપૂર્ણ કડી છે, ખાસ કરીને આકસ્માત, હાર્ટ એટેક, સ્ટ્રોક અને અન્ય જીવલેણ કટોકટીના કિસ્સામાં. આ એમ્બ્યુલન્સ માત્ર વાહન નથી, પરંતુ સંપૂર્ણ રીતે સજ્ઞ મોબાઈલ આઈસીયુ છે જે સ્થળ પર જ જીવનરક્ષક ઉપાયો કરવા સક્ષમ છે.






# સર્વાંગી કિડની કેર પ્રોજેકટ

## ભવિષ્ય દર્શન–૨૦૨૧

વધુને વધુ કિડની નિષ્ફળતા સાથે વધતી જતી ડાયાલીસીની જરૂરીયાત, વધતા જતા કિડની રોગોનું પ્રમાણ અને એથી ઉદ્ભવતી પરિસ્થિનીને લક્ષમાં લેતા એ નિસુર્ષ પર આવ્યો કે માત્ર ડાયાલીસીસની સુવિધા પુરી પાડવી એ આ સમસ્યાનો ઉકેલ નથી પરંતુ વેળાસર કિડનીની સાર સંભાળ લઈ શરૂઆતના તબક્કામાં જ નિદાન કરી સારવાર દ્વારા કિડની બગડતી અટકાવવાના વિચાર થકી સર્વાંગી કિડની કેર પ્રોજેકટ વર્ષ ૨૦૨૧ માં હાથ ધરવ્માં આવ્યો, સંપૂર્ણ કિડની બગડી ગઈ હોય એવા દર્દીઓ માટે નિશ્ચિત સારવાર ટ્રાન્સપ્લાન્ટની પણ સુવિધા ઉભી કરવી.

આ પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવામાં આવી જેમાં કિડની જાગૃતિ અંગે પબ્લીક સેમિનાર, કિડનીનું આરોગ્ય જાળવવાની માહિતીનો પ્રસાર, નિયમિત કિડની તપાસ કેમ્પનું આયોજન, આહાર-વિહાર અંગેની માહિતી કિડની રોગોનાં દર્દીઓનાં પરિવારજનોને માહિતગાર કરવા સપોર્ટ ગ્રુપની રચના કરવી, મહેતા હોસ્પિટલ સાથે સંલગ્નતા દ્વારા કિડની રોગ માટેની જરૂરી સારવાર પ્રદાન કરવી વગેરે મુખ્ય છે. અને ટ્રસ્ટને આશા છે કે આ બધા પ્રયત્નો થકી સમાજમાં કિડનીના રોગોનો ભાર ઓછો થશે તેમજ કિડની ટ્રાન્સપ્લાન્ટ સુધીની શ્રેષ્ઠ સારવાર ઘર આંગણે મળી રહે એવી સુવિધા ઉભી કરવાની ચોજના છે.



# “વરિષ્ઠ સાથી કાર્યક્રમ”

## જનરેશન ગેપ દુર કરી હૃદયથી જોડાણ વર્ષ : ૨૦૨૩

આજના આ ઝડપી યુગમાં બે પેઢીઓ વચ્ચે અંતર વધી રહ્યું છે ત્યારે એમની વચ્ચે એક સેતુ બનાવી હૃદયથી જોડાણ કરી સહાનુભૂતિ વધારવા ટ્રસ્ટે એક નોંધપાત્ર પહેલ ‘વરિષ્ઠ સાથી કાર્યક્રમ’ દ્વારા કરવામાં આવી છે. ટ્રસ્ટના આ હૃદયસ્પર્શી પ્રયાસ થકી કોલેજનાં યુવાનો અને યુવા વિદ્યાર્થીઓમાં જવાબદારી અને સાંસ્કૃતિક ભાવના સ્થાપિત કરવાની છે. સાથે વરિષ્ઠ નાગરિકોની સામાજિક અને ભાવનાત્મક જરૂરિયાતોને સંતોષવાનો છે. આ પ્રોગ્રામ વડીલજનોને એક અકલ્પનિય આધાર પુરો પાડશે અને સાથે આ એક અર્થપૂર્ણ જોડાણ થકી વડીલોના શાણપણ અને અનુભવથી જીવનને સમૃધ્ધ કરવાની તક યુવાનો ને આપે છે. આ અભિગમથી આપણો સાંસ્કૃતિક વારસો જળવાય રહેશે અને સામાજિક બંધનમાં મજબૂતાઈનું સિંચન થશે.

### મુખ્ય ઉદ્દેશ

બે પેઢી વચ્ચેના અર્થપૂર્ણ અરસ પરસના સંવાદને પ્રોત્સાહન આપવું, વડીલોમાં પ્રગટતી સામાજિક અલગતાનો ભાવ ઘટાડવો. યુવાનોને સામાજિક અસ્મિતા અને જવાબદારી અંગે તાલીમ આપવી.

### વડિલોને થતા લાભો

- **ભાવનાત્મક ટેકોઃ–** યુવાનો સાથે વીતાવેલ ક્ષણો વડીલોમાં એકલતાની લાગણીમાં ઘટાડો કરે છે. વડીલો આ યુવાનોમાં પુત્ર/પુત્રી કે પૌત્ર પૌત્રીના દર્શન કરી એક લાગણીનો સેતુ બનાવે છે. જે એમની માનસિક અને ભાવનાત્મક સુખાકારી પર ખુબજ સકારાત્મક અસર કરે છે.

- **સાંસ્કૃતિક સંવર્ધન :–** વરિષ્ઠ લોકો એમના સાંસ્કૃતિક મૂલ્યો, શાણપણ અને અનુભવનું ભાથુ યુવાનો વચ્ચે વહેંચી શકે છે. જે યુવાનો માટે ખુબ જ મૂલ્યવાન બની રહે છે. સાથે વડીલજન પણ પોતાના સમાજને જરૂરિયાત છે. એવો ભાવ ઉત્પન્ન થતા કૃતજ્ઞતા અનુભવે છે. જે એમનામાં સકારાત્મક ઉર્જાનું સિંચન કરે છે.

- **બહારની દુનિયા સાથે જોડાણ :–** થવાનો વરિષ્ઠ વ્યકિતઓને સમકાલીન સમાજ સાથે જોડાઈ રહેવામાં મદદ કરે છે. જે એમને પરિવર્તીત થતા સમાજ અને દેશ દુનિયાનાં સમાચારથી માહિતગાર રાખે છે. જે એમની માનસિક અવસ્થામાં સુધારો કરે છે.

- **જીવનની ઉન્નત ગુણવતાઃ–** આ કાર્યક્રમ સર્વગ્રાહી રીતે સાથીદારી, આંતર પેઢીની સમજણ, એકચામાં ઘટાડો, સહાનુભૂતિને પ્રોત્સાહન અને બહારની દુનિયા સાથે જોડાણ થકી જીવનની ગુણાતામાં વધારો કરે છે.

### યુવાનોને થતા લાભો

- **સહાનુભૂતિ અને કરૂણાનું સિંચન :–** વૃધ્ધ વ્યકિતઓ સાથેના સંવાદ અને વીતાવેલ સમય વિદ્યાર્થીમાં વડીલો માટે સહાનુભૂતિ અને કરૂણા કેળવવામાં મદદરૂપ થાય છે અને વડીલો દ્વારા વયના લીધે અનભવાતા પડકારોને વધુ સારી રીતે સમજી શકે છે. એ સમજણનો ઉપયોગ તેઓ સમાજ કે કુટુંબના દરેક વૃધ્ધો માટે કરી શકે છે.



- **સાંસ્કૃતિક સમજ :–** આ કાર્યક્રમ વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક જાગૃતિ અને સમજને સમૃધ્ધ બનાવે છે. કારણકે તેવો વડીલો પાસેથી જીવનનાં અનુભવો અને સાંસ્કૃતિક મૂલ્યો મેળવે છે.

- **સામાજીક કૌશલ્ય અને વ્યક્તિગત વિકાસ :–** વરિષ્ઠ લોકો સાથેની ક્રિયા પ્રતિક્રિયા દ્વારા તેમની વાતચીત અને સામાજિક કૌશલ્યને સુધારી શકે છે. વિવિધ પેઢીના લોકો સાથે જોડાવાની એમની ક્ષમતામાં વધારો થાય છે. એમની પ્રતિભા જેવીકે ગીત, સંગીત, વાદ્ય વાદન અથવા નૃત્ય એમની સમક્ષ કરીને પોતાનું કૌશલ્ય વધારે છે.

- **અપર્ણની ભાવના :–** આ કાર્યક્રમમાં જોડાયેલ યુવાનો માટે વરિષ્ઠ નાગરિકોની સુખાકારીમાં આપેલ પોગદાન એ અર્થપૂર્ણ બાબત બની રહે છે, જે એમનામાં કંઈક કરવા સાથે પરિપૂર્ણતાની ભાવના ઉત્પન્ન કરેછે.

- **સામાજીક પ્રમાણપત્ર :–** આ કાર્યક્રમમાં જોડાયેલ વિદ્યાર્થીને સામાજિક સેવા સહભાગિતા પ્રમાણપત્ર (Certificate or Participation for Social Service) એનાયત કરવામાં આવે છે. જે એમને કોલેજ એડમિશન કે નોકરી મેળવવામાં ખુબજ મદદરૂપ થાય છે.

આમ, હેલ્પીંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની આ પ્રસંશનીય પહેલ એક આદર્શ સમાજની રચના તરફનું પાયાનું પગથિયું પુરવાર થશે. જે ભારતના સાંસ્કૃતિક વારસાને મજબૂત કરશે અને યુવા વર્ગમાં વડીલો પ્રાત્યેનાં માન સન્માનમાં વધારો કરશે.

# ભવિષ્યની યોજના
# કિડની ટ્રાન્સપ્લાન્ટ સુવિધા સાથે રિસર્ચ ઈન્સ્ટિટયૂટ ની રચના

હેલ્પીંગ ચેરીટેબલ ટ્રાન્સપ્લાન્ટની દુરંદેશી ભવિષ્યની યોજના એટલે કિડની  ટ્રાન્સપ્લાન્ટની સુવિધા સાથે કિડની રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ની સ્થાપના કરવી.

ટ્રસ્ટનુ લક્ષ્ય માત્ર આરોગ્ય લક્ષી સેવાઓ પ્રદાન કરવાનુ જ નહીં પરંતુ મેડિકલના ક્ષેત્રમાં આધુનિક જ્ઞાન મેળવવું તેમજ એમા નિપુણતા મેળવી કીડનીના રોગોની ઘનિષ્ઠ સારવાર કરવાનુ છે.

રિસર્ચ ઈન્સ્ટિટયૂટ ખાતે અગ્રણી મેડિકલ પ્રોફેશનલ સંશોધકો અને સંસ્થાઓ જોડે સમન્વય કરી કિડનીના રોગો સંબંધિત સંશોધન કરવામાં આવશે. આધુનિક રીતે બનાયેલ સંશોધન કેન્દ્રમાં જરૂરીયાતમંદ દર્દીને કિડની ટ્રાન્સપ્લાન્ટ દ્વારા નવ જીવન પ્રાપ્ત થાય એવા પ્રયાસો કરવામાં આવશે.

ઉપરોકત સુવિધાઓ ના કારણે કિડની ફેલ્યોરથી પીડીત અગણિત દર્દીઓને કીડની ટ્રાન્સપ્લાન્ટ ની ચોકકસ સુવિધાઓ ઘર આંગણે પ્રાપ્ત થશે.













# Location Map




## હેલ્પીંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

### મેડિકલ હોમ

Location

મેડિકલ હોમ, બંદર રોડ, બાલાખાડી, કિલ્લા-પારડી-૩૯૬ ૧૨૫,
જી. વલસાડ, ગુજરાત, ઈન્ડીયા.
મો.: ૯૧-૯૭૨૭૦૧૨૨૮૯, ૯૧-૯૯૧૩૩૫૩૧૦૦, ફોન :૯૧-૦૨૬૦-૨૩૭૦૦૮૦
www.hhctindia.org E-mail: helpinghandct@gmail.com

